પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 29/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : SUNDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત મન કી બાત કાર્યક્રમની 140મી કડીમાં પોતાના વિચારો રજૂ કરશે.**
2. **ફિટ ઇન્ડિયા અભિયાન અંતર્ગત 'સન્ડેઝ ઓન સાયકલ'ની 100મી આવૃત્તિ આજે અમદાવાદના કાંકરિયા ખાતે યોજાશે.**
3. **રાજ્યમાં કોઇપણ સ્થળે રેગિંગની ઘટનાને ચલાવી નહીં લેવાય અને કડક કાર્યવાહી કરાશે તેમ જણાવતાં આરોગ્ય મંત્રી.**
4. **ડાંગમાં જન સુનાવણીમાં 87 જેટલી રજૂઆતોનો હકારાત્મક નિકાલ કરાયો.**
5. **પંચમહાલ અને ભરૂચ જિલ્લામાંથી નશાકારક પદાર્થનો મોટા પ્રમાણમાં જથ્થો જપ્ત.**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

PM- MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 140મી કડી હશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝોનએર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. તેનું જીવંત પ્રસારણ આકાશવાણી ન્યૂઝ, દૂરદર્શન ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલ પર પણ કરાશે.

હિન્દી પ્રસારણ પછી તરત જ આ કાર્યક્રમનું આકાશવાણી પ્રાદેશિક ભાષાઓમાં પ્રસારણ કરાશે.

PORBANDAR LOKARPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવીયા તેમજ, વન મંત્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં પોરબંદરના મોઢવાડા ખાતે લીરબાઈ માઁ મહેર સમાજના નવનિર્મિત ભવનનું લોકાર્પણ કરાયું.

મુખ્યમંત્રીએ સમાજના લોકોને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે, આ ભવન સમાજની સામૂહિક, સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે ઉપયોગી બનશે.

તેમણે ઉમેર્યું હતું કે, પોરબંદરના કુછડી ખાતે ગ્રીનફિલ્ડ શિપ બિલ્ડિંગ ક્લસ્ટરનું કામ પ્રગતિમાં છે, જ્યારે મોચા ગામે મરીન બાયોટેકનોલોજી રિસર્ચ એન્ડ ઇનોવેશન કોરિડોર વિકસાવવાની પહેલ કરવામાં આવી છે. દરિયાઈ વેપાર, મત્સ્ય ઉદ્યોગ, સિમેન્ટ ઉદ્યોગ અને પ્રવાસન ક્ષેત્રે પોરબંદર જિલ્લામાં વિકાસની વિશાળ સંભાવનાઓ રહેલી છે.

પ્રધાનમંત્રીની 'સપ્તધારા'ની પ્રેરણાથી 'વિકસિત ગુજરાતથી વિકસિત ભારત 2047'ના સંકલ્પને સાકાર કરવા સૌએ સહિયારા પ્રયાસો કરવા મુખ્યમંત્રીએ આહવાન કર્યું હતું.

CM GCCI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના સભ્યોના વાર્ષિક સ્નેહમિલનમાં સહભાગી થયા હતા.

GCCIના પ્રમુખ - ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારો અને ગુજરાતભરમાંથી આવેલા રિજિયોનલ ચેમ્બર્સ તથા એસોસિયેશનના અગ્રણીઓએ મુખ્યમંત્રીનું સન્માન કરી તેમને આવકાર્યા હતા. આ પ્રસંગે અમદાવાદ શહેરના મેયર હિતેશ બારોટ, સ્થાનિક ધારાસભ્યો, **GCCI**ના પ્રમુખ સહિતના હોદ્દેદારો અને વિવિધ એસોસિયેશન્સના અગ્રણી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

FIT INDIA

ફિટ ઇન્ડિયા અભિયાન અંતર્ગત 'સન્ડેઝ ઓન સાયકલ'ની ઐતિહાસિક 100મી આવૃત્તિ આજે યોજાશે. રાષ્ટ્રીય કક્ષાનો મુખ્ય કાર્યક્રમ કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાની ઉપસ્થિતિમાં મહારાષ્ટ્રના પુણે ખાતે યોજાશે.

તો અમદાવાદના કાંકરિયા ખાતે રાજ્યકક્ષાના મુખ્ય કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ સાથે વડોદરા, સુરત અને ભાવનગરમાં પણ કાર્યક્રમો યોજાશે તેમ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના પ્રાદેશિક નિયામક પ્રશાંતસિંહે જણાવ્યું હતું.

BYTE: PRASHANT SINGH, REGIONAL DIRECTOR, SPORTS AUTHORITY OF INDIA

(2019 में माननीय प्रधानमंत्री जी ने लॉन्च किया था। उसके तहत एक साइकिलिंग की हमने बहुत अच्छी एक कैंपेन चलाई जो 29th को अपना हंड्रेड्थ एडिशन कंप्लीट करेंगे। इसमें मुझे बताते हुए बहुत ही खुशी है कि इस पूरे कैंपेन में हमने 35,000 लोकेशंस और 40 लाख का पार्टिसिपेशन अचीव किया है पैन इंडिया और इसमें एक बात बताने की बहुत ही अच्छी है कि यह डिफरेंट-डिफरेंट एज ग्रुप्स, डिफरेंट कम्युनिटीज, डिफरेंट प्रोफेशन्स और डिफरेंट स्ट्रेटा ऑफ लाइफ से हमने लोगों को इसमें इनकल्केट किया।)

PRAFUL PANSURIYA ANTI RAGING

રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ તાપી જિલ્લાના **72** કલાકના પ્રવાસ દરમિયાન વ્યારા ખાતેથી વિદ્યાર્થીઓના હિત અને સુરક્ષાને સર્વોપરી ગણાવી રેગિંગની ઘટનાઓ સામે અત્યંત કડક વલણ અપનાવ્યું છે.

આરોગ્ય મંત્રીની સીધી સૂચનાને પગલે વડોદરાની ગોત્રી મેડિકલ કોલેજના પાંચ વિદ્યાર્થીઓને છ મહિના માટે હોસ્ટેલમાંથી બહાર કરવામાં આવ્યા છે, જ્યારે રાજકોટની પીડીયુ (**PDU**) મેડિકલ કોલેજના 14 વિદ્યાર્થીઓને પણ સસ્પેન્ડ કરાયા છે.

આ તકે મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યુ કે, રેગિંગ બિલકુલ ચલાવી લેવામાં આવશે નહીં. વિદ્યાર્થીઓને હેરાન કરવાએ અમાનવીય કૃત્ય છે અને આવા કૃત્ય સામે રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ'ની નીતિ છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તે માટે આ કડક દાખલો બેસાડવામાં આવ્યો છે.

BYTE: PRAFUL PANCHSHERIYA HEALTH MINISTER

(આવનારા સમયની અંદર પણ સુધરવાની આ તક છે અને એક પણને બક્ષવામાં નહીં આવે અને તુરંત જ રિપોર્ટ અને તુરંત જ સજા એ જ એમનો વિકલ્પ છે. જેથી કરીને પહેલાં વરસ બબ્બે વરસ સસ્પેન્ડ કરવા પડતા હતા એ જગ્યાએ બે મહિના સુધી પહોંચ્યા છીએ. ઝીરો સુધી પહોંચવા માટે સૌ મનથી મક્કમ થાઓ.)

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....

DANG RAJUAAT

ડાંગમાં જન સુનાવણીમાં 87 જેટલી રજૂઆતોનો હકારાત્મક નિકાલ કરાયો. ડાંગના નાગરિકોના પ્રશ્નો અને રજૂઆતોનું સ્થળ પર જ નિરાકરણ લાવવાના હેતુથી રાજ્ય સરકારના 'સરકાર તમારા આંગણે' અભિગમ અંતર્ગત જાહેર ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો.

નાણામંત્રી કનુ દેસાઈની અધ્યક્ષતામાં યોજાયેલી જન સુનાવણીમાં આહવા, વઘઈ અને સુબીર તાલુકાના નાગરિકોએ ઉપસ્થિત રહી પોતાની વિવિધ સમસ્યાઓ અને રજૂઆતો રજૂ કરી હતી.

DANG SPORTS FESTIVAL

ડાંગ પ્રવાસના બીજે દિવસે રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુ દેસાઈ આહવાના સનસેટ પોઇન્ટ ખાતે આવેલ સેવાધામ દ્વારા આયોજિત રમતોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતાં. આ રમોત્સવમાં કુલ **38** ટીમ ભાગ લેશે.

આ પ્રસંગે મંત્રીએ ડાંગ જિલ્લાના વિવિધ ગામોમાંથી ભાગ લેનાર ખેલાડીઓ, રમતવીરોને રમતગમતના ક્ષેત્રે પોતાની પ્રતિભા વિકસાવી રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે નામના મેળવે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા.

GRIT CONCLAVE

ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT), ગુજરાત સરકાર દ્વારા નીતિ આયોગના સહયોગથી ત્રણ અને ચાર ડિસેમ્બરના રોજ ગાંધીનગર ખાતે નેશનલ પબ્લિક પોલિસી કોન્ક્લેવ 2026નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કોન્ક્લેવમાં આશરે 25 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના આયોજન સચિવો તથા સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશન્સ ફોર ટ્રાન્સફોર્મેશન (SITs)ના વડાઓ ભાગ લે તેવી અપેક્ષા છે.

આ પ્રકારની પ્રથમ અને અનોખી કોન્ક્લેવનો પ્રારંભ ત્રણ ડિસેમ્બરે થશે, જેમાં નીતિ આયોગના ઉપાધ્યક્ષ ડૉ. અશોક કુમાર લહેરી મુખ્ય અતિથિ તરીકે તથા ગુજરાત રાજ્યના અધ્યક્ષીય સંબોધન આપશે.

આ કોન્ક્લેવ આર્થિક અને સામાજિક વિકાસને વેગ આપવામાં રાજ્યોની કેન્દ્રીય ભૂમિકાને માન્યતા આપે છે અને નીતિ આયોગના સ્ટેટ સપોર્ટ મિશન હેઠળ સ્ટેટ ઇન્સ્ટિટ્યૂશન્સ ફોર ટ્રાન્સફોર્મેશનને મજબૂત બનાવવાનો ઉદ્દેશ ધરાવે છે.

PANCHMAHLA GANJO JAPT

પંચમહાલના કંકુથંભલા ગામના ચાર ખેતરોમાંથી આશરે **4.62** કરોડ રૂપિયાની કિંમતના **924** કિલોથી વધુ વજનના **502** નશાકારક પદાર્થના છોડ જપ્ત કરવામાં આવ્યાં છે. જેમાં ચાર આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

પંચમહાલના પોલીસ અધિક્ષક એસપી હરેશ દુધાતે કહ્યુ હતું કે, નશાકારક પદાર્થ ઝડપના અભિયાન અંતર્ગત આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પૂછપરછમાં વધુ વિગતો મેળવવાના પ્રયાસ હાથ ધરાયા છે.

BYTE- HARESH DUDHAT, SP PANCHMAHAL

(924 किलो और टोटल 502 जो प्लांट्स हैं, वो गांजा के पकड़े हुए हैं। टोटल मिलाकर मुद्दामाल 4 करोड़ 62 लाख 500 रुपये का है। टोटल चार आरोपी जो हैं, जो खेत के मालिक ही हैं—तीन सगे भाई हैं और एक उनके भाई की वाइफ है। वो खेत में जहां रहते हैं, उनके पीछे ही उन्होंने यह लगाया था। अभी उन लोगों को किसने सीड्स वगैरह दिया है, वो किसको बेचने वाले थे और वो लोग जो हैं इसमें से पैसा कमा के कोई और प्रॉपर्टी उन्होंने लिया होगा, तो हम उनके खिलाफ भी उसमें कार्यवाही करेंगे।)

દરમિયાન ભરૂચના નર્મદા મૈયા બ્રિજના સ્લોપ નજીક ભરૂચ **SOG** પોલીસે રિક્ષામાંથી નશાકારક પદાર્થનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે **9** કિલો **660** ગ્રામ નશાકારક પદાર્થ સહિત અંદાજે છ લાખનો મુદ્દામાલ કબજે કરી રિક્ષા ચાલકની અટકાયત કરી છે. જ્યારે આ જથ્થો મોકલનાર અને મંગાવનાર અન્ય ત્રણ વ્યક્તિઓને વોન્ટેડ જાહેર કર્યા છે.

PANCHMAHAL BRIDGE INAUGURATION

પંચમહાલના ઘોઘંબા તાલુકાના સાનિયાડા ગામે કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે બ્રિજનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે રાણીપુરા ગામને જોડતા માર્ગના નવીનીકરણ કાર્યનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

બ્રિજ અને માર્ગની સુવિધાથી સ્થાનિક ગ્રામજનોની અવરજવર અને પરિવહન વધુ સરળ બનશે.

RAJKOT AIIMS

ભુજમાં રાજકોટ એઈમ્સ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક મેગા કેમ્પ યોજાયો. કચ્છ અને મોરબી સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું કે, રાજકોટ ખાતે એઈમ્સ કાર્યરત થતાં સૌરાષ્ટ્ર કચ્છ સહિત ગુજરાતના જરૂરિયાતમંદ દર્દીઓને મોટો લાભ મળ્યો છે.

ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે અપીલ કરી કે, આજે એઈમ્સ રાજકોટમાં વિશ્વસ્તરીય તબીબી સુવિધાઓ ઉપલબ્ધ છે, તો તેનો લાભ દરેક નાગરિકોએ લેવો જોઈએ.

આ નિઃશુલ્ક મેગા સર્વરોગ નિદાન કેમ્પમાં કુલ એક હજાર 935 જરૂરિયાતમંદ દર્દીઓએ વિવિધ વિભાગોની તબીબી સેવાઓનો લાભ લીધો હતો.

BHAVNAGAR MASTERS GAMES-2026'

વડોદરાના એમ.એસ. પેવેલિયન રમતગમત સંકુલ ખાતે રમાયેલ 'ગુજરાત સ્ટેટ માસ્ટર્સ ગેમ્સ-2026ની નવમી સિઝનમાં ભાવનગરનાં ખેલાડી દીપિકા રમેશચંદ્ર દેસાઈએ રાજ્યકક્ષાની સ્પર્ધામાં બેવડી સિદ્ધિ હાંસલ કરી ડિસ્ક થ્રોમાં સુવર્ણ ચંદ્રક અને શોટપુટમાં કાંસ્ય ચંદ્રક જીત્યા છે.

આ સ્પર્ધામાં 45 વર્ષથી ઉપરના મહિલા કેટેગરીમાં દીપિકાએ શ્રેષ્ઠ પ્રદર્શન કરીને પ્રથમ ક્રમ મેળવ્યો હતો. એક જ સ્પર્ધામાં કૂ દીપિકાએ સુવર્ણ અને કાંસ્ય બંને ચંદ્રક જીતીને માસ્ટર્સ સ્તરના ખેલાડીઓને પ્રેરણા આપી હતી.

TEST CRICKET

પુરુષ ક્રિકેટમાં, છેલ્લા મળતા અહેવાલ મુજબ, ક્રાઇસ્ટચર્ચમાં ન્યૂઝીલેન્ડ સામેની બીજી ટેસ્ટના ત્રીજા દિવસે ભારતે પોતાની પહેલી ઇનિંગમાં નવ વિકેટે 246 રન બનાવ્યા છે. હાલ ભારત ન્યૂઝીલેન્ડથી 110 રન પાછળ છે.

અગાઉ, કે એલ રાહુલે 25, દેવદત્ત પડિકલે 21, ઋષભ પંતે 23 અને કેપ્ટન શુભમન ગિલે 17 રન બનાવ્યા હતા. જોકે, ભારત તરફથી કોઈ પણ બેટ્સમેન મોટી ઇનિંગ રમી શક્યા ન હતા. અગાઉ, ન્યૂઝીલેન્ડની ટીમ પ્રથમ ઇનિંગમાં 356 રનમાં ઓલઆઉટ થઈ હતી.

BHARUCH COUGH SYRUP

ભરૂચના અંકલેશ્વરમાં હોટલના કંપાઉન્ડમાં આવેલી દુકાનમાંથી નશાનો કારોબાર ચાલતો હોવાની બાતમી મળતાં ભરૂચ **SOG**ની ટીમે દરોડો પાડ્યો હતો. પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, એક દુકાનમાં અફીણનો જથ્થો રાખી છૂટકમાં ગેરકાયદેસર વેચાણ કરવામાં આવે છે.

બાતમીના આધારે **SOG**એ પંચો અને જરૂરી સાક્ષીઓની હાજરીમાં તપાસ હાથ ધરતાં દુકાનમાંથી 9 કિલોથી વધુ નશાકારક પદાર્થ મળી આવ્યો હતો. પોલીસે બે લાખ 93 હજાર કરતાં વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ મામલે રાજસ્થાનના એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે એક આરોપીને વોન્ટેડ જાહેર કરી પોલીસે તપાસ શરૂ કરી છે.